# દિલ્હી-યૂપીમાં હિંસાની આગ વધુ પ્રસરી

**નાગરિકતા કાયદા સામેનો વિરોધ દિવસે-દિવસે વધ્યો : ગોળીબારમાં ૧નું મોત : દિલ્હીમાં જામા મસ્જિદ બહાર લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા, ફિરોઝાબાદમાં પોલીસ ગોળીબારમાં ૧ના મોતથી તંગદિલી, સંખ્યાબંધ લોકો ઘાયલ, મોટા ભાગના વિસ્તારોમાં કલમ-૧૪૪ લાગૂ**

ન્યુ દિલ્હી,તા.૨૦

નાગરિકતા સંશોધન કાયદા વિશે શુક્રવારે ઉત્તર પ્રદેશના ૧૮ જિલ્લામાં ઉગ્ર પ્રદર્શન થયા હતા. ફિરોઝાબાદમાં પ્રદર્શનકારીઓએ લોકોની ધરપકડ કરવામાં આવી છે. અહીં ૨૦ જિલ્લામાં ઈન્ટરનેટ સેવા પણ બંધ કરી દેવામાં આવી છે. પોલીસ અને ભીડ વચ્ચેની અથડામણમાં ફાયરિંગ દરમિયાન



એક પોલીસ ચોકી સળગાવી દીધી હતી. કાનપુર અને ગોરખપુર સહિત અન્ય શહેરોમાં પણ ભીડે પોલીસ પર પથ્થરમારો કર્યો છે. રાજયમાં ૩ હજારથી વધારે ફિરોઝાબાદમાં એક યુવકનું મોત થયું હતું.

લખનઉમાં ગુરુવારે હિંસક પ્રદર્શન થયા હતા. જોકે શુક્રવારે અહીં શાંતિ રહી હતી. દિલ્હીની



જામા મસ્જિદની બહાર લોકોએ પ્રદર્શન કર્યા હતા. અહીં ભીમ આર્મીએ માર્ચ પણ શરૂ કરી હતી. જે જંતર-મંતર સુધી ગઈ હતી. પોલીસે ભીમ આર્મીને માર્ચની



મંજૂરી આપી નહોતી. પૂર્વોત્તર દિલ્હીમાં સુરક્ષાની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. દિલ્હીના ૬ મેટ્રો સ્ટેશન બંધ કરવામાં આવ્યા છે.

શુક્રવારે ગોરખપુર, કાનપુર, ઉન્નાવ, બુલંદ શહર, હાથરસ, મુઝફ્ફરનગર, સીતાપુર, બિજનૌર, મુરાદાબાદ, ફિરોઝાબાદ, ભગોહી અને બહચરાઈમાં પ્રદર્શનકારીઓએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. પોલીસે જવાબી કાર્યવાહીમાં ટીયર ગેસ છોડ્યા હતા. રાજ્યમાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી હોવા

# ઉન્નાવકેસમાં કુલદીપ સેંગરને આજીવન કારાવાસ

**૨૫ લાખ રૂપિયા રેપ પીડિતા પરિવારને ચુકવવાનો આદેશ : પીડિતાના પરિવારને જરૂરી તમામ સુરક્ષા ઉપલબ્ધ કરાવવા દિલ્હીની તીસ હજારી કોર્ટનો સીબીઆઈને હુકમ : મહિને રૂપિયા ૧૫૦૦૦ ચુકવવા આદેશ**



નવીદિલ્હી, તા. ૨૦

ઉન્નાવ રેપ કેસમાં ધારાસભ્ય કુલદીપ સેંગરને દિલ્હીની તીસહજારી કોર્ટે આજે આજીવન કારાવાસની સજા ફટકારી હતી. આનો મતલબ એ થયો કે સેંગરને હવે આજીવન જેલમાં રહેવું પડશે. સાથે સાથે કોર્ટે પીડિત પરિવારને ૨૫ લાખ રૂપિયાના વળતરની પણ જાહેરાત કરી છે. કોર્ટે સેંગરને દંડ ભરવા મહિનાની મુદત આપી છે. કોર્ટે કહ્યું છે કે, સીબીઆઈને પીડિત અને તેના પરિવારને પુરતા પ્રમાણમાં સુરક્ષા ઉપલબ્ધ કરાવવાનો પણ આદેશ કરાયો છે. કોર્ટે કહ્યું છે કે, સીબીઆઈને પીડિતા અને તેમના પરિવારના સભ્યોના જીવનને ખતરો રહેલો છે અને તેમની સુરક્ષાની દરેક ત્રણ મહિનામાં મુલ્યાંકન કરવાની જરૂર રહેશે. કોર્ટે ઉત્તર પ્રદેશ સરકારને પીડિત અને તેના પરિવારના ભાડાના આવાસ માટે એક વર્ષે પ્રતિ મહિને ૧૫ હજાર રૂપિયાની ચુકવણી કરવાનો પણ આદેશ કર્યો છે. કોર્ટે એવો આદેશ પણ કર્યો છે કે, પીડિત અને તેના પરિવાર દિલ્હી મહિલા આયોગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલા ભાડાના આવાસમાં એક વર્ષ સુધી રહેશે. સજાની જાહેરાત કરતા કોર્ટે કહ્યું હતું કે, સેંગરે જે કંઈપણ કર્યું છે તે બળાત્કાર પીડિતાને ડરાવવા ધમકાવવા માટે કર્યું છે. નરમી જેવી કોઈ સ્થિતિ લાગી નથી. સેંગર લોકસેવક તરીકે હતા અને પરિસ્થિતિનો લાભ ઉઠાવ્યો હતો.

# ઉત્તરપ્રદેશમાં ૩૦૦૦થી વધુ તોફાની તત્વોની ધરપકડ

**સપા સાંસદ શફીકુર્રહેમાનની સામે કેસ દાખલ : તોફાની તત્વોની સંપત્તિ જપ્ત કરવા માટેની કાર્યવાહી શરૂ**

લખનૌ,તા. ૨૦

નાગરિક કાનુનની સામે હિંસક વિરોધ પ્રદર્શન કરવા અને સોશિયલ મિડિયા પર અફવાહ ફેલાવી રહેલા તત્વોની સામે કઠોર કાર્યવાહી કરવાના મુડમાં યોગી સરકાર આવી ગઈ છે. અફવા પર બ્રેક મુકવા માટે પ્રદેશમાં ૨૦ જિલ્લામાં મોબાઈલ ઈન્ટરનેટ સર્વિસ બંધ કરી દેવામાં આવી છે. સરકારે સમાજવાદી પાર્ટીના સાંસદ શફીકુર્રહેમાન બર્કની સામે કેસ દાખલ કર્યો છે. પ્રદેશમાં આશરે ૩૦૦૦ લોકોની અટકાયત કરવામાં આવી છે. એકમાત્ર લખનૌમાં જ ૩૧ લોકોની ૧૦૨ લોકોની અટકાયત કરવામાં આવી છે. હિંસા ફેલાવનાર તત્વોની ઓળખ કરીને તેમની સંપત્તિને જપ્ત કરવામાં આવનાર છે. સમગ્ર મામલામાં સાત એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. સેંકડોની સામે કેસ દાખલ કરવામાં આવ્યા છે. ઉત્તરપ્રદેશમાં પણ ઘણી જગ્યાએ જોરદાર દેખાવો કરવામાં આવ્યા હતા. વ્યાપક તોફફોડ કરવામાં આવી હતી. પ્રતિબંધાત્મક આદેશો પણ જારી કરવામાં આવ્યા હતા છતાં તેના ભંગ કરવામાં આવ્યા હતા. વહીવટીતંત્ર તરફથી દેખાવ કરવાની કોઈને પરવાનગી અપાઈ નથી તેમ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું હતું. નાગરિક સુધારા કાનુનની સામે દેખાવ કરનાર લોકો કોર્ટમાં પહોંચી ગયા છે. હાલમાં બનેલા નવા નાગરિક કાનુનની સામે હિંસક પ્રદર્શન જારી છે.

# દિલ્હી-એનસીઆરમાં ભૂંકપના આંચકા, કાશ્મીરથી ઈસ્લામાબાદ સુધી ધરા ધ્રૂજી

ન્યુ દિલ્હી,તા.૨૦

દેશનાં ઉત્તર ભારતમાં ભૂંકપનાં આંચકા અનુભવાયા છે. દિલ્હી-ન્રઝઈ, કાશ્મીર, પંજાબ હરિયાણામાં પણ ભૂંકપનાં આંચકા આવ્યા છે. સાંજનાં ૫.૧૨ કલાકે રિક્ટર સ્કેલ ૬.૩ માપવામાં આવી છે. પાકિસ્તાનમાં પણ ભૂંકપના ઝટકાઓ મહેસૂસ કરવામાં આવ્યો છે. ૪ દેશોમાં મહેસૂસ કરાયેલા આ ભૂકંપના આંચકાથી કોઈ જાનમાલને નુક્સાની પહોંચી હોવાના હજુ સુધી કોઈ સમાચાર આવ્યા નથી પણ આ ભૂંકપના આંચકાએ એક તબક્કે ૧૦ સેકન્ડ સુધી લોકો ડરી ગયા હતા. રીતસરના ઘરમાં પંખાઓ ઝૂલવા લાગ્યા હતા.

રાજધાની ઈસ્લામાબાદ સહિતના વિસ્તારમાં ૧૦ સેકન્ડ સુધી ભૂકંપનો લોકોએ અનુભવ કર્યો છે. આખા ઉત્તર ભારતમાં ભૂકંપના ઝટકાઓને લોકોએ અહેસાસ કર્યો છે. ઘણી જગ્યાએ લોકો ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા.

સૂત્રોનાં જણાવ્યા અનુસાર ચંડીગઢમાં પણ તિવ્રતાનો આંચકો આવ્યો છે. કાશ્મીરની સાથે સાથે સમગ્ર ઉત્તર ભારતમાં ભૂંકપનો આંચકો અનુભવાયો છે. ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાનના હિન્દુકુશમાં નોંધવામાં આવ્યું છે.

# જયપુર બ્લાસ્ટ કેસના ચાર દોષિતને ફાંસીની સજા

**તમામ ચાર અપરાધીઓને ફાંસીની સજા સાથે સાથે ૫૦ હજારનો દંડ કરાયો : મિનિટોના ગાળામાં ૯ બ્લાસ્ટ થયા**

નવીદિલ્હી, તા. ૨૦

વર્ષ ૨૦૦૮માં જયપુરમાં થયેલા સિરિયલ બોંબ બ્લાસ્ટ કેસમાં કોર્ટે ચારેય દોષિતોને આજે ફાંસીની સજા ફટકારી હતી. ખાસ અદાલતના ન્યાયાધીશ અજયકુમાર શર્માએ શુક્રવારે સાંજે આ અંગેનો ચુકાદો આપ્યો હતો. ૧૧ વર્ષ જુના આ મામલામાં ગઈકાલે સુનાવણી કરતી વેળા કોર્ટે ચારેય અપરાધીઓને દોષિત જાહેર કર્યા હતા. એકને નિર્દોષ છોડી મુકવાનો આદેશ કર્યો હતો. આજે સજાની જાહેરાત કરતા કોર્ટે દોષિત જાહેર કરાયેલા ચાર અપરાધીઓ સર્વ આઝમી, મોહમ્મદ સૈફ, સેફુર્રહેમાન અને સલમાનને ફાંસીની સજા આપી હતી.

# ઝારખંડમાં અંતિમ તબક્કામાં ૭૦ ટકા મતદાનઃ સોમવારે પરિણામ

**સોમવારે ફેંસલો ભાજપ ટકશે કે પરિવર્તન થશે**



રાંચી,તા.૨૦

ઝારખંડ વિધાનસભાની ૮૧ બેઠકો માટેની યોજાયેલી ચૂંટણીમાં આજે પાંચમા અને છેલ્લા તબક્કામાં ૧૬ બેઠકો માટે મતદાન પુરૂ થઈ ગયું હતું. હવે ૨૩મીએ મતગણતરી હાથ ધરાશે. ૧૬ બેઠકો માટે સરેરાશ ૭૦.૮૩ ટકા મતદાન થયું હતું. આ તબક્કાના ભાગરૂપે, સાંથલ પ્રદેશની ૧૬ વિધાનસભા બેઠકો માટે શુક્રવારે સવારે ૭ વાગ્યે મતદાન શાંતિપૂર્ણ રહ્યું હતું.

ઝારખંડના મુખ્ય ચૂંટણી અધિકારી વિનયકુમાર ચૌબેએ જણાવ્યું હતું કે તમામ સ્થળોએ મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે યોજાયું હતું. મતદાનના છેલ્લા તબક્કામાં ૪૦,૦૫,૨૮૭ મતદારો ૨૩૬ ઉમેદવારોનું ભાવિ નક્કી કર્યું હતું. નક્સલ પ્રભાવિત બોરીયો, બારોટ, લિટ્ટીપરા, મહેશપુર અને શિકારીપાડામાં બપોરના ૩ વાગ્યા સુધી મતદાન યોજાયું જ્યારે અન્ય ૧૧ બેઠકો સાંજના ૫ વાગ્યા સુધી મતદાનની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. કુલ ૨૮ મતદાન મથકોના કર્મચારીઓને તેમના દૂરના કેન્દ્રો પર તૈનાત કરવામાં આવ્યા હતા. દૂર અંતરિયાળ ૮૪ વિસ્તારોમાં સેટેલાઈટ ફોનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ અંતિમ તબક્કામાં પૂર્વ મુખ્યમંત્રી અને જેએમએમના કાર્યકારી પ્રમુખ હેમંત સોરેન, રાજ્ય મંત્રીઓ અને ઝારખંડ વિકાસ મોરચાના પ્રદીપ યાદવનું ભાગ્ય આજે મતદાન મશીનોમાં સીલ થયું હતું. સોરેન બાર્હત અને ડુમકા બંને બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. આ તબક્કા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને ભાજપ કાર્યકારી પ્રમુખ જેપી નડ્ડાએ ભાજપ તરફથી પ્રચાર કર્યો હતો.

# વડોદરામાં પોલીસ પર પથ્થરમારો

**હાથીખાના, ફતેપુરા સહિતના વિસ્તારોમાં હિંસા : બે રાઉન્ડ ફાયરિંગ, ટિયરગેસના ૩૦થી વધુ શેલ છોડાયા એસીપી ગંભીર રીતે ઘાયલ થયા, ૨૦થી વધુની અટકાયત**

અમદાવાદ, તા.૨૦

નાગરિકતા સંશોધન કાયદાના વિરોધમાં અમદાવાદ બાદ આજે વડોદરામાં હિંસા ભડકી હતી. ખાસ કરીને વડોદરા શહેરના હાથીખાના, ફતેપુરા, યાકુતપુરા વિસ્તારમાં મુસ્લિમ સમુદાયના હજારો લોકોના ટોળાએ અમદાવાદની જેમ જ પોલીસને ટાર્ગેટ કરી પોલીસ અને તેમની ગાડીઓ પર જોરદાર પથ્થરમારો કર્યો હતો. જેમાં એચ ડિવીઝનના એસીપી ભરત રાઠોડ, પીઆઈ એન.બી.જાડેજા ગંભીર રીતે ઘાયલ થયા હતા. તો, તોફાની તત્વોએ જોઈન્ટ સીપી કેસરીસિંહ ભાટીની ગાડી સિતના પોલીસની ગાડીઓ અને કાફલા પર તોફાની તત્વોએ બહુ નિર્દયતાથી અને ખરાબ રીતે પથ્થરમારો કર્યો હતો. જેના કારણે વર્ષો બાદ સંસ્કારીનગરી વડોદરાની શાંતિ ફરી એકવાર ડહોળાઈ હતી અને વડોદરાવાસીઓમાં ફફડાટની લાગણી ફેલાઈ ગઈ હતી. પોલીસે તોફાનગ્રસ્ત વિસ્તારો સહિત સમગ્ર શહેરમાં સઘન અને અસરકારક પેટ્રોલીંગ અને ફલેગમાર્ચ શરૂ કરી દીધા હતા. તોફાનોની પરિસ્થિતિ કાબૂમાં લેવા પોલીસ દ્વારા બે રાઉન્ડ ફાયરીંગ કરવામાં આવ્યું હતું. તો ટીયરગેસના ૩૦થી વધુ શેલ છોડવાની ફરજ પડી હતી. નાગરિકતા સંશોધન કાયદાના વિરોધમાં આજે વડોદરાના હાથીખાના, પાંજરીગર મહોલ્લો અને પટેલ ફળીયામાં મુસ્લિમ સમુદાયના લોકો દ્વારા પથ્થમારો થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી પરંતુ તોફાની ટોળાના હજારો માણસોએ પોલીસને ટાર્ગેટ કરી પોલીસ પર પણ જોરદાર પથ્થરમારો કર્યો હતો. વાત એટલી હદે વણસી હતી કે, પોલીસે ટીયરગેસના ૩૦ થી વધુ શેલ છોડવાની ફરજ પડી હતી. જો કે, પોલીસ પરના જબરદસ્ત પથ્થરમારામાં કેટલાક પોલીસ કર્મચારીઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. મુસ્લિમ સમુદાયના લોકોએ પોલીસ પર પથ્થરમારો કરવાની સાથે સાથે કેટલાક વાહનોની તોડફોડ કરી હતી. ટોળાના માણસોએ પોલીસના વાહનોના કાચ પણ તોડયા હતા. ટોળાએ જોઈન્ટ સીપી કેસરીસિંહ ભાટીની ગાડી સહિત પોલીસની ગાડીઓ પર પથ્થરમારો થયો છે. ટોળાના પથ્થરમારામાં એસીપી ભરત રાઠોડ ગંભીર રીતે ઘાયલ થયા હતા. એક તક્કે પરિસ્થિતિ કાબૂમાં લેવા માટે સિટી પોલીસ સ્ટેશનના પી.આઈ. ડી.જે. સોસાએ સર્વિસ રિવોલ્વરથી ફાયરિંગ કરવાની ફરજ પડી હતી. વડોદરા પોલીસ કમિશનર અનપુમસિંહ ગેહલોતે હિંસાની ઘટનાઓની ભારે નિંદા કરી હતી.

## શહેરમાં પોષણ અને આહારવિજ્ઞાન પર રાષ્ટ્રીય સંમેલન, કાર્યશિબિરો યોજાશે

ધી ઈન્ડિયન ડાયટેટિક્સ એસોસિયેશનની ગુજરાત શાખા દ્વારા આગામી ૧૯, ૨૦ અને ૨૧ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ ધ ફોરમ ક્લબ-૦૭, અમદાનવાદ ખાતે ઈન્ડિયન ડાયટેટિક એસોસિયેશનની ૫૨ મી વાર્ષિક કોન્ફરન્સનું આયોજન કરાયું છે. નવી તકોની શોધ, આહાર સશક્તિકરણ, જીવનધોરણને સમૃદ્ધ બનાવવુ, કોન્ફરન્સની થીમ તેના ત્રિપક્ષીય હેતુ, સંશોધન, રોજિંદી પ્રેક્ટિસના પડકાર તથા સામુદાયિક જવાબદારીને આવરી લે છે.

ગર્ભાવસ્થામાં હાઈપરગ્લાયકેમિયા, બેરિયાટ્રિક ન્યુટ્રિશન, ટીએચએએનડીએવી (ટેકિંગ હિટ એન્ડ ડાન્સ ટુ એડોલ્સન્ટસ ફોર વિક્ટરી ઓવર એનસીડીસ), ઈન્ટિગ્રેટિવ ન્યુટ્રિશન, ન્યુટ્રિશન ઈન ક્રિટકલ કેર તથા ગટ એન્ડ બિયોન્ડ (ન્યુટ્રિશલ ઈન્ટરવેન્શન્સ ઈન ગેસ્ટ્રો ઈન્ટેસ્ટાઈનલ ડિસીઝ) પરની કાર્યશિબિરો વિવિધ ક્ષેત્રોમાં તાજેતરમાં થયેલી ઘટનાઓનો સર્વાંગી ચિતાર ઉપલબ્ધ બનાવે તે રીતે તૈયાર કરાઈ છે. કોન્ફરન્સમાં મેદસ્વીતા, કેન્સર, પીડિયાટ્રિક ન્યુટ્રિશન, નેફ્રોલોજી, ડાયાબિટીસ, ફૂડ ફોર્ટિફીકેશન, લિવરની તંદુરસ્તી, હૃદય સંબંધિત તંદુરસ્તી, હાડકાં અને સ્નાયુઓની તંદુરસ્તી, સ્પોર્ટસ ન્યુટ્રિશન, ન્યુટ્રિશન અને ફર્ટિલિટી, કુપોષણ તથા અન્ય અનેક વિષયો પર ચર્ચાઓ, પેનલ ડિસ્કશન્સ અને સંવાદ યોજાશે.

## ભારતનું સૌપ્રથમ ડિજિટલ પ્લેટફોર્મ 'બડા પ્રોપર્ટી એક્સચેન્જ' લોન્ચ કર્યુ

યોગ્ય પ્રોપર્ટી કે મિલકત શોધવી તે લોકો મોટ એક પડકારભર્યું કામ છે. યોગ્ય સોદો કરવા માટે તેમણે અનેક સ્થળે અને અનેક લોકોની તથા પ્રોપર્ટી કન્સલ્ટન્ટ્સની મુલાકાત લેવી પડે છે. આ સમગ્ર પ્રક્રિયામાં મહિનાઓ નીકળી જાય છે. જો કે હવે અગ્રણી રિઅલ એસ્ટેટ ડેવલપર ૭ ઓકે 'બડા પ્રોપર્ટી એક્સચેન્જ એપ્લિકેશન' નામનું ડિજિટલ પ્લેટફોર્મ લોન્ચ કર્યુ છે, જે પ્રોપર્ટીની શોધની કામગીરીને અત્યંત સરળ અને પારદર્શક બનાવવાની સાથે સાથે જ સમગ્ર પ્રક્રિયાનુ નિયંત્રણ ગ્રાહકો (ખરીદકર્તા અને વેચાણકર્તા)ના હાથમાં આપે છે. આ એપ્લિકેશનની સૌથી મહત્વની ખાસિયત તેમાં રહેલી તમારી પ્રોપર્ટીની ખરીદ-વેચાણ સહિતની એક્સચેન્જની જોગવાઈ છે. આ તમામ વ્યવહારો તમારા સ્માર્ટફોનની એક ક્લિકથી શક્ય બનશે.

## ઈન્ટરનલ ઓડિટ, રાષ્ટ્રીય મહિલા સંમેલન પેટા-પ્રાદેશિક સંમેલન, જીએસટી કોન્ક્લેવ કાર્યક્રમો : નિષ્ણાતો પહોંચશે

ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ)ની ડબલ્યુઆઈઆરસીની અમદાવાદ શાખા પ્લેટિનમ જ્યુબીલી વર્ષની ઉજવણીના ભાગરૂપે તા.૨૦થી તા.૩૦ ડિસેમ્બર દરમ્યાન ઈન્ફર્મેશન ટેકનોલોજીના રાષ્ટ્રીય સંમેલન સહિતના અનેક મહત્વના કાર્યક્રમોનું આયોજન કરવાં આવ્યું છે, જેમાં ગુજરાત સહિત દેશભરમાંથી પાંચ હજાર જેટલા સીએ સહિતના પ્રતિનિધિઓ ભાગ લેવા આવશે. ઈન્ફર્મેશન ટેક્નોલોજી પરના રાષ્ટ્રીય સંમેલન માટે મુખ્ય મહેમાન તરીકે જીએફએસયુના ડિરેક્ટર જનરલ ડો. જે. એમ. વ્યાસ તથા ગેસ્ટ ઓફ ઓનર તરીકે ગુજરાત રાજ્યના એન્ટી કરપ્શન બ્યુરોના સ્પેશિયલ ડિરેક્ટર, આઈપીએસ શ્રી કેશવ કુમાર ખાસ ઉપસ્થિત રહેશે. એમ અમદાવાદ શાખાના ચેરમેન સીએ ગણેશ નાદર અને વાઈસ ચેરમેન સીએ ફેનીલ શાહે જણાવ્યું હતું. સંસ્થા દ્વારા તેમના સીએ સભ્યોના વિવિધ વિષયોનું જ્ઞાન વધે અને તેમના માર્ગદર્શનના હેતુસર તેમના વ્યવસાયને લગતા વિષયો જેમ કે ઈન્ફર્મેશન ટેક્નોલોજી, ઈન્ટરનલ ઓડિટ, મહિલા સીએ કેન્દ્રિત કાર્યક્રમો, ઈન્કમ ટેક્સ, જીએસટી, નીતિમત્તા તથા ધોરણો વગેરેને આવરી લેવાશે.

## બદલી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે સાંજે વધુ ૯ ડોકટરોની જુનાગઢ બદલી કરી દેવામાં આવી છે. જેમાં ગાંધીનગર ગાયનેક વિભાગના ડો રાકેશ પટેલ, ડો રુનુઘોષ ઉપરાંત સર્જરી વિભાગના ડો હર્ષદ પટેલ, ડો પ્રતિક શાહ, બાયોમેટ્રીકના ડો દિનેશ ચંદનાની, ડો આશિષ અગ્રાવત , માઈક્રોલોજીના ડો કીરણ પટેલ ડો સંગીતા પટેલ તથા ફોરેન્સિક મેડિકલ વિભાગના ડો અમિત જોષી તેમ કુલ ૯ ડોકટરોની જુનાગઢ કોલેજમાં બદલી કરાઈ છે. આ સંજોગોમાં સિવિલ હાસ્પિટલની આરોગ્ય સેવા સામે પણ પ્રશ્નાર્થ મંડરાય તેવી સ્થિતિ છે. સ્વાઈન ફલુ સહીતના રોગચાળો ફેલાય તેવી સંભાવના છે. ત્યારે સિવિલમાંથી ત્રણ ફિઝિશિયન ડોકટરોની બદલી કરી દેવાતા દર્દીઓની હાલત પણ દયાજનક બને તેવી સંભાવના છે. હાલ જે ડોકટરો સોસાયટીમાં છે તેમને એક કોલેજથી બીજી કોલેજ બદલી કરીને હેરાનગતિ પહોંચાડવામાં આવી રહી હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.જેના લીધે રોષે ભરાયેલા તબીબો પણ સોસાયટીથી છેડો ફાડવાના મુડમાં હોવાનો ગણગણાટ પ્રવર્તયો છે.

## સૂર્યગ્રહણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉત્તર ગુજરાતના ભાગોમાં પણ સખત ઠંડી પડશે. દાંતીવાડા પાલનપુરમાં પણ ઠંડી પડશે. ગ્રહણની આસપાસના દિવસોમાં લઘુત્તમ તાપમાન ૮ ડીગ્રીથી નીચુ જવાની સંભાવના છે. સુર્ય શનિ યોગના કારણે જાન્યુઆરી મહીનામાં પણ કાતિલ ઠંડીના યોગ છે. જયારે આ ગ્રહણની અસરથી આગામી ચોમાસુ પણ સારુ રહેશે. પ્રાચીન શાસ્ત્રના અને ઋુષિમુનિઓના મત મુજબ આવા ગ્રહણથી નકારાત્મક ઉર્જા પૃથ્વી પર પડે છે. જો કે ધન રાશિમાં ગુરુનુ સંચરણ હોવાથી અશુભ અસર ઓછી થઈ જશે. ગ્રહણ એ ખગોળીય ઘટના છે. દેશના કેટલાક ભાગોમાં રેકર્ડ બ્રેક ઠંડી પડશે. જયારે આગામી તા ૨૨ થી ૨૯ ડિસેમ્બર દરમિયાન પણ સખત ઠંડી પડશે. ગ્રહણ વેળાએ ઈષ્ટદેવના જાપ કરવા તેમજ કોઈપણ મંત્ર સિધ્ધ કરવા માટે આ ઉત્તમ સમય છે. જયારે ગ્રહણ પુર્વે તેમજ બાદ ઠંડા પાણીથી સ્નાન કરી લેવુ ગ્રહણના અંતે દુધ , ઘી અને તેલમાંથી બનાવેલુ ભોજન ખાઈ શકાય જયારે ગ્રહણ વેળાએ શયન ન કરવુ જોઈએ તેમ પણ તેમણે જણાંવ્યુ છે.